ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ:-2298/04/2024** તા.05.04.2024

**અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે કર્ણાવતી મહાનગરનુ બૂથ સંમેલન પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની અધ્યક્ષતામા તેમજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમા યોજાયું.**

----

**લોકસભાની ચૂંટણીમા પહેલા દેશના અર્થતંત્ર અંગે ચર્ચા થતી પરંતુ આ વખતની ચૂંટણીમા દેશનુ અર્થતંત્ર પાંચમા સ્થાનેથી ત્રીજા નંબર આવવાની ચર્ચા થઇ રહી છે. – શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ**

----

**ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા હરહમેંશા જનતાની વચ્ચે રહેતો હોય છે. કાર્યકર્તાઓના આધારે ચૂંટણીમા સારુ પરિણામ મેળવી શકાય છે. – શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ**

----

**મારી પાસે કોઇ જાદુઇ લાકડી નથી પણ કાર્યકર્તાઓની મહેનતથી ચૂંટણીમા વિજય મળે છે.- શ્રી સી.આર.પાટીલ**

----

**મને કાર્યકર્તાઓની તાકાતનો અંદાજ હોય છે એટલે ચૂંટણીમા વિજયનો વિશ્વાસ વ્યકત કરુ છું. – શ્રી સી.આર.પાટીલ**

----

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમા ભાજપ દેશને વિકસીત ભારત બનાવવાના સંકલ્પ સાથે આગળ વધી રહી છે. – શ્રી હસમુખભાઇ પટેલ**

----

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તેમજ દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબના નેતૃત્વમા આજે ભારત કોંગ્રેસ મુકત થઇ રહ્યુ છે. – શ્રી દિનેશભાઇ મકવાણા**

----

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, પેજ સમિતિના પ્રણેતા અને યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની અધ્યક્ષતામા આજ રોજ બનાસકાંઠા,પાટણ પછી કર્ણાવતી મહાનગર ખાતે બૂથ સંમેલન રિવરફ્રન્ટ ખાતે યોજાયું હતું. આ કાર્યક્રમમા રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમા કર્ણાવતી મહાનગરના શહેર પ્રમુખશ્રી અમિતભાઇ શાહે સ્વાગત પ્રવચન કર્યુ હતું.

રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા હરહમેંશા જનતાની વચ્ચે રહેતો હોય છે. કાર્યકર્તાઓના આધારે ચૂંટણીમા સારુ પરિણામ મેળવી શકાય છે. ભાજપનો કાર્યકર ચૂંટણી માટે હમેંશા તૈયાર હોય છે. લોકસભાની ચૂંટણીમા પહેલા દેશના અર્થતંત્ર અંગે ચર્ચા થતી પરુંત આ વખતની ચૂંટણીમા દેશનુ અર્થતંત્ર પાંચમા સ્થાનેથી ત્રીજા નંબર આવવાની ચર્ચા થઇ રહી છે. મોદી સાહેબ ત્રીજી વખત વડાપ્રધાન પદ પર બિરાજશે એટલે ભારત ટુંક સમયમા ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા બનશે. આજે મોદી સાહેબના નેતૃત્વમા નાનામા નાના વ્યકિત પાસે વિકાસના કાર્યો પહોચ્યા છે તેના કારણે મોદી સાહેબ પર સૌને વિશ્વાસ છે. મોદી સાહેબે જે પણ યોજના બનાવી તેમા નાના માણસનુ ધ્યાન રાખ્યું છે. રેલ્વેનુ વિજળીકરણ 1947 થી 2014 સુધી 21 હજાર 801 કિમી હતુ અને 2014 થી અત્યારસુધીમા 38650 કિમી થયું છે. ભારતમા જીએસટીની આવક1.78 લાખ કરોડ રૂપિયા થઇ છે. મોદી સાહેબે દેશમાથી ગરિબિને દુર કરવાનો પ્રયાસ કર્યો છે. આખા દેશમા સૌથી વધુ રોજગારી આપતુ રાજય ગુજરાત છે. દેશમા આજે મોદી લહેર ચાલી રહી છે.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે બૂથ પ્રમુખોને સંબોધન કરતા જણાવ્યું કે, બૂથ પ્રમુખો સાથેની બેઠક એટલા માટે મહત્વની છે કે ભાજપના કાર્યકર્તાઓની તાકાત કઇ દિશામા જઇ રહી છે અને કઇ દિશામા જવુ જોઇએ તેના માટે છે. વિધાનસભાની ચૂંટણીમા પક્ષ 182 બેઠોક માંથી 182 જીતશે તેમ કહ્યુ હતું કારણ કે મને કાર્યકર્તાઓ પર વિશ્વાસ હતો. વિધાનસભામા 26 બેઠકો આપણે હારી ગયા હવે ફરી ચૂંટણી આવી રહી છે ગયા વખતની ભૂલ ફરી ન થાય તેની તકેદારી રાખવાની છે. આપણે નજીવા મતના તફાવતને કારણે 26 બેઠકો હારી ગયા.

શ્રી પાટીલજીએ વધુમા જણાવ્યું કે, મને કાર્યકર્તાઓની તાકાતનો અંદાજ હોય છે એટલે ચૂંટણીમા વિજયનો વિશ્વાસ વ્યકત કરુ છું. મારી પાસે કોઇ જાદુઇ લાકડી નથી પણ કાર્યકર્તાઓની

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
આઝાદી કા અમૃત મહોત્સવ
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

મહેનતથી ચૂંટણીમા વિજય મળે છે. કાર્યકર્તાઓ પક્ષના આયોજન પ્રમાણે કાર્ય કરશે તો ચોક્કસ પણ સફળતા મળશે. બૂથ પ્રમુખ ચૂંટણી સમયે તેમના સભ્યોનુ મતદાન થઇ જાય તેની તકેદારી રાખે. મોદી સાહેબને સતત ત્રીજી વખતે આપણે વડાપ્રધાન બનાવવાના છે. કોંગ્રેસના કોઇ નેતા તેમની તાકાત પર વડાપ્રધાન નથી બન્યા તેમને પાર્ટીએ મુક્યા હતા પરંતુ મોદી સાહેબ ડંકાની ચોટ પર કહ્યુ કે મારે વડાપ્રધાન બનવુ છે અને **2014**મા વડાપ્રધાન બન્યા. આ વખતે **400** થી વધુ બેઠકો એનડીએને મળશે તેવો વિશ્વાસ છે.

આ કાર્યક્રમમા અમદાવાદ પશ્ચિમ લોકસભાના ઉમેદવારશ્રી દિનેશભાઇ મકવાણાએ સંબોધન કરતા જણાવ્યું કે, કર્ણાવતી મહાગનરમા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વર્ષો સુધી સંગઠનનુ કામ કર્યુ.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તેમજ દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબના નેતૃત્વમા આજે ભારત કોંગ્રેસ મુકત થઇ રહ્યુ છે. ગુજરાતની દરેક બેઠક પાંચ લાખથી વધુની લીડ સાથે જીતવા પ્રદેશ અધ્યક્ષશ્રી નો સંકલ્પ છે તેને કાર્યકર્તાઓની પરિશ્રમથી ચોક્કસ સફળતા મળશે.

અમદાવાદ પુર્વના લોકસભાના ઉમેદવારશ્રી હસમુખભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, કોંગ્રેસ દિશા હિન છે નેતૃત્વ હિન પાર્ટી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમા ભાજપ દેશને વિકસીત ભારત બનાવવાના સંકલ્પ સાથે આગળ વધી રહી છે. આ વખતે જનતાએ મોદી સાહેબને ત્રીજી વખત વડાપ્રધાન બનાવવાનુ મન બનાવી લીધુ છે. આવનાર એક મહિનો મોદી સાહેબ ઐતિહાસીક બેઠકો સાથે ફરી વડાપ્રધાન બને તે દિશામા કામ કરીએ.

આ કાર્યક્રમમા પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ગોરધનભાઇ ઝડફીયા, પ્રદેશ સહ કોષાઅધ્યક્ષશ્રી ધર્મેન્દ્રભાઇ શાહ,ક્લસ્ટર ઇન્ચાર્જશ્રી કે.સી પટેલ,પ્રદેશ મહિલા મોરચાના પ્રમુશ્રી ડો.દિપિકાબેન સરડવા, મેયરશ્રી પ્રતિભા જૈન,સાંસદશ્રી કિરિટભાઇ સોલંકી, મહાનગરના તમામ ધારાસભ્યશ્રીએ, મહાનગરના પદાધિકારીશ્રીઓ તેમજ બૂથ પ્રમુખ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)